સંતોષ

ત્રણ માણસો ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં ખજાનો મળી ગયો. બધા ઘણા ખુશ થયા અને નક્કી થયું કે કોઈ યોગ્ય જગ્યા શોધીને પરસ્પર બધાને સરખું મળે એ રીતે વહેંચી લઈએ. ચાલતાં-ચાલતાં એક યોગ્ય જગ્યાએ પહોંચ્યા. વહેંચણી પહેલા તેમને ભૂખ લાગી. એકને વસ્તીમાં મોકલ્યો કે જઈને ખાવાનું લઈ આવે. તેણે જઈને ખાવાનું ખરીદ્યું. તે વખતે તેના મનમાં બૂરાઈ આવી. વિચાર્યું કે શા માટે આખા ખજાના પર મારો એકલાનો કબજો ન હોય ? યુક્તિ એ વિચારી કે ખાવામાં ઝેર ભેળવી દેવામાં આવે, અને તેણે એમ જ કર્યું. આ બાજુ બંનેએ પણ આવું જ વિચાર્યું અને નક્કી કર્યું કે તે જેવો ખાવાનું લઈને આવે, તેને મારી નાખવામાં આવે અને ખજાનો અડધો-અડધો વહેંચી લેવામાં આવે. પેલો માણસ ખાવાનું લઈને જેવો આવ્યો, આ બંનેએ મળીને તેને મારી નાખ્યો. પછી ઝેરયુક્ત ખાવાનું ખાઈને એ બંને પણ મરી ગયા. લાલચનું આ જ પરિણામ હોય છે !!

હઝરત આઈશા رضي الله عنها ની પાસે દ્રાક્ષની ઘણી ટોપલીઓ ભેટરૂપે આવી. તેમણે તેને જરૂરતમંદોમાં વહેંચી નાખી. સાંજે તેમની સેવિકાએ એક ટોપલી કાઢી. તેમણે તેને પૂછ્યું કે આ ક્યાંથી આવી ? સેવિકાએ કહ્યું કે મેં એક ટોપલી એક બાજુ મૂકી દીધી હતી, એમ વિચારીને કે સાંજે શું ખાઈશું ? હઝરત આઈશા رضي الله عنها એ કહ્યું કે જો ખાવું જ હતું તો એક-બે ઝુમખા મૂકી દેતી, આખી ટોપલીની જરૂર ન હતી.

પ્રખ્યાત સહાબી હઝરત હકીમ બિન હિઝામ رضي الله عنه રસૂલુલ્લાહ ﷺ ની પાસે આવ્યા અને પોતાની જરૂરત બતાવી. રસૂલુલ્લાહ ﷺ એ તેમને જરૂરતની વસ્તુ આપી. પછી તેઓ બીજી વાર આના માટે જ આવ્યા, આપ ﷺ એ ફરી તેમને એ વસ્તુ આપી. ત્રીજી વાર આવું જ થયું, પરંતુ રસૂલુલ્લાહ ﷺ એ તેમના પ્રશિક્ષણ માટે ફરમાવ્યું : હે હકીમ ! આ માલ ખૂબ જ સુંદર, આકર્ષક અને સ્વાદિષ્ટ હોય છે. જે તેને મનની સંતૃપ્તિ અને સંતોષની સાથે અપનાવે છે, અર્થાત્ લોભ-લાલચ વગર, તો તેના માટે તે બરકતવાળી હોય છે અને જે પોતાને પતિત કરીને લે છે, તો તે બરકત વગરની બની જાય છે. આનું ઉદાહરણ એવું હોય છે કે ખાય, પણ સંતુષ્ટ ન થાય. આપવાવાળો હાથ વધારે સારો હોય છે, લેવાવાળા હાથ કરતાં. (મુત્તફિક અલયહિ)

હઝરત હકીમ બિન હિઝામ رضي الله عنه એ એ જ વખતે પ્રતિજ્ઞા લીધી કે હવે ક્યારેય કોઈની પાસેથી કંઈ નહીં લે. તેથી હઝરત અબૂ બક્ર સિદ્દીક رضي الله عنه ના ખિલાફત-કાળમાં તેમને બોલાવવામાં આવતા હતા કે કંઈક લઈ જાય, પરંતુ તેઓ ઇન્કાર કરી દેતા હતા. આ જ સ્થિતિ હઝરત ઉમર ફારૂક رضي الله عنه ના ખિલાફત-કાળમાં પણ રહી. હઝરત ઉમર رضي الله عنه તેમને માણસ મોકલીને બોલાવતા હતા કે આવો, માલે-ગનીમત (યુદ્ધ-પશ્ચાત્‌ના માલ-સામાન)માંથી પોતાનો ભાગ લઈ જાવ. પરંતુ તેઓ પોતાની પ્રતિજ્ઞા પર અટલ રહ્યા અને ક્યારેય કંઈ ન લીધું. હઝરત હકીમ બિન હિઝામ رضي الله عنه જીવનભર આવી જ રીતે સંતુષ્ટ અને સંતૃપ્ત રહ્યા અને રસૂલુલ્લાહ ﷺ ની શિખામણને ગાંઠમાં બાંધેલી રાખી અને મહેનત-મજૂરી કરીને ગુજારો કરતા રહ્યા.

www.Izharfalahi.com

હઝરત સલમાન ફારસી ﷺ ગવર્નર હતા. તેમનું વેતન પાંચ હજાર દિરહમ હતું. તેઓ બધું વેતન સદકા (દાન)માં આપી દેતા. ગુજારા માટે ખજૂરના પાંદડા લાવતા અને તેનાથી વાસણ બનાવતા અને ત્રણ દિરહમમાં વેચી નાખતા હતા. ત્રણ દિરહમમાંથી એક દિરહમ સદકો કરતા, એક દિરહમથી ખાવાનો સામાન લાવતા અને એક દિરહમના પાંદડા લાવતા, જેનાથી વસ્તુઓ બનાવીને બીજા દિવસ વેચતા.

સંતોષ શું છે ?

અલ્લાહ તઆલાની વહેંચણી પર રાજી રહેવું એ સંતોષ છે. બીજાઓની પાસે જે કંઈ છે તેના માટે મનમાં કોઈ લાલચ ન હોય. આ ઈમાનની સચ્ચાઈની દલીલ છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

قَدْ أَفْلَحَ مَنْ أَسْلَمَ وَرُزِقَ كَفَافًا وَقَنَّعَهُ اللَّهُ بِمَا آتَاهُ (مسلم)

અર્થાત્, એ વ્યક્તિ સફળતા પામ્યો, જે ઈમાન લાવ્યો અને તેને ભરણ-પોષણ જેટલી રોજી આપવામાં આવી અને અલ્લાહ તઆલાએ તેને સંતોષ પણ પ્રદાન કર્યો. (મુસ્લિમ)

રસૂલુલ્લાહ ﷺ નો સંતોષ :

રસૂલુલ્લાહ ﷺ ને અલ્લાહ તઆલાએ જે કંઈ પણ પ્રદાન કર્યું હતું, આપ ﷺ તેના પર રાજી હતા. આપ ﷺ એ ક્યારેય પણ કોઈની સામે હાથ ન ફેલાવ્યો અને ન તો ક્યારેય દુનિયાની લાલચ દિલમાં પેદા કરી. આપ ﷺ એ હઝરત ખદીજા ﷺ ના માલ દ્વારા વેપાર કર્યો અને નફો પણ કર્યો, પરંતુ ક્યારેય માલના પ્રેમમાં ગ્રસ્ત ન થયા. પુષ્કળ પ્રમાણમાં માલે-ગનીમત આપ ﷺ પાસે આવતો, પરંતુ બધો જ માલ સહાબા કિરામ વચ્ચે વહેંચી નાખતા અને પોતાના માટે કંઈ ન રાખતા. રસૂલુલ્લાહ ﷺ ખજૂરની ચટાઈ પર સૂતા. એક વાર સહાબા કિરામે મુબારક શરીર પર ચટાઈના નિશાન જોયા, તો ઈચ્છા કરી કે આપના માટે નરમ-સુંવાળા બિસ્તરનો પ્રબંધ કરે, પરંતુ આપ ﷺ એ તેમને મનાઈ કરી અને કહ્યું :

«مَا لِي وَمَا لِلدُّنْيَا ، مَا أَنَا فِي الدُّنْيَا إِلَّا كَرَاكِبٍ اسْتَظَلَّ تَحْتَ شَجَرَةٍ ثُمَّ رَاحَ وَتَرَكَهَا»
[ترمذي، ابن ماجه]

અર્થાત્, મને દુનિયાથી શું મતલબ ! હું તો એક મુસાફરની જેમ છું, જે કોઈ વૃક્ષના છાંયડામાં થોડી વાર આરામ કરીને આગળ વધી જાય છે. (તિરમિઝી, ઈબ્ને માજા)

સંતોષનો જો કોઈ એ અર્થ લે કે સારા અને નેક કાર્યોમાં પણ સંતોષ કરવો જોઈએ, તો એ ખોટું હશે. સંતોષનો સંબંધ અલ્લાહની વહેંચણીથી છે, ન કે નેકી અને સદ્કાર્યોથી, જેનાથી અલ્લાહની પ્રસન્નતા અને ખુશીનો અભિલાષી હોય છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

www.uzairfalahi.com

﴿وَتَزَوَّدُوا۟ فَإِنَّ خَيْرَ ٱلزَّادِ ٱلتَّقْوَىٰ ﴿١٩٧﴾﴾ البقرة: ١٩٧

અનુવાદ : ''હજ્જના સફર માટે ભાથું લઈ જાવ, અને સૌથી ઉત્તમ ભાથું તકવા (ઈશભય અને સંયમ) છે.''
(સૂરઃ બકરહ, આ.૧૯૭)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿وَسَارِعُوٓا۟ إِلَىٰ مَغْفِرَةٍ مِّن رَّبِّكُمْ وَجَنَّةٍ عَرْضُهَا ٱلسَّمَٰوَٰتُ وَٱلْأَرْضُ أُعِدَّتْ لِلْمُتَّقِينَ ﴿١٣٣﴾﴾ آل عمران: ١٣٣

અનુવાદ : ''દોડીને ચાલો એ માર્ગ પર જે તમારા રબની બક્ષિસ અને એ જન્નત તરફ જાય છે, જેની વિશાળતા ધરતી અને આકાશો જેવી છે, અને તે અલ્લાહથી ડરવાવાળા લોકો માટે તૈયાર કરવામાં આવેલ છે.''
(સૂરઃ આલે ઈમરાન, આ.૧૩૩)

સંતોષની ફઝીલત :

સંતુષ્ટ વ્યક્તિને અલ્લાહ તઆલા પ્રિય રાખે છે અને દુનિયાના લોકો પણ તેનાથી પ્રેમ કરે છે. આ દુનિયા અને આખિરતમાં ભલાઈનો સ્રોત છે.

- સંતોષ બરકતનું કારણ છે : આ એવો ખજાનો છે, જે ક્યારેય સમાપ્ત થતો નથી. રસૂલુલ્લાહ ﷺ એ તવંગરી અને સમૃદ્ધિ વિશે ફરમાવ્યું :

  «لَيْسَ الْغِنَى عَنْ كَثْرَةِ الْعَرَضِ وَلَكِنَّ الْغِنَى غِنَى النَّفْسِ» [متفق علیه]

  અર્થાત્, દુનિયાના સાજ-સામાનની વિપુલતા તવંગરી નથી. ખરી તવંગરી અને સમૃદ્ધિ તો હૃદયનો સંતોષ છે. (મુત્તફિક અલયહિ)

  લાલચ અને ઈર્ષ્યાનું પરિણામ અપમાન અને પતન છે. લાલચુ અને ઈર્ષ્યાળુ વ્યક્તિનું પેટ ક્યારેય ભરાતું નથી, હંમેશા ધનની તાકમાં લાગેલો રહે છે. બરકત (વધતી જતી સમૃદ્ધિ) તેના ઘરથી ઉઠાવી લેવામાં આવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

  «وَارْضَ بِمَا قَسَمَ اللَّهُ لَكَ تَكُنْ أَغْنَى النَّاسِ» [ترمذي، احمد]

  અર્થાત્, જે કંઈ અલ્લાહ તઆલાએ તને આપ્યું છે, તેના પર રાજી રહે, તો તું સૌથી વધારે બેનિયાઝ (નિરપેક્ષ અને સમૃદ્ધ) થઈ જઈશ. (તિરમિઝી, અહમદ)

www.uzairfalahi.com

- **સંતોષ જન્નતનો માર્ગ છે :** રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે કોણ છે, જે મને એ વાતની બાંહેધરી આપે કે તે લોકોથી કંઈ નહીં માંગે, તો હું તેને જન્નતની બાંહેધરી આપું. સહાબી હઝરત સૌબાન رضي الله عنه એ કહ્યું : હું – ! પછી તેમણે ક્યારેય કોઈના પાસેથી કંઈ ન માગ્યું. (અબૂ દાઊદ, તિરમિઝી, અહમદ)
- **સંતોષ સ્વમાનની રક્ષા કરે છે :** સંતોષથી વ્યક્તિ કોઈ દબાણનો ભોગ નથી બનતો, બલ્કે હંમેશા સ્વતંત્ર રહે છે. બીજા લોકો ન તો તેને દબાણ કરીને સાથી બનાવી શકે છે, અને ન તેના પર પોતાની મરજી અને મત થોપી શકે છે. તેનાથી વિપરીત, લાલચુ વ્યક્તિ હંમેશા બીજાઓની ખુશામત અને ગુલામીમાં ગ્રસ્ત રહે છે. હઝરત અલી رضي الله عنه નું કથન છે કે લાલચ હંમેશાની ગુલામી છે. ગુલામી ત્રણ પ્રકારની હોય છે – એક સામાન્ય ગુલામી, બીજી કામેચ્છા અને મનેચ્છાની ગુલામી અને ત્રીજી લાલસાની ગુલામી.
- **સંતોષ પોતાનામાં શાંતિ અને ચેન લાવે છે :** સંતોષપ્રિય વ્યક્તિ માનસિક ઉલઝનોમાં નથી રહેતો. માનસિક રીતે અત્યંત સંતુષ્ટ અને સુખી રહે છે, જ્યારે કે લાલચુ વ્યક્તિ હંમેશા તણાવમાં રહે છે. તેને કોઈપણ સ્થિતિમાં ચેન નથી મળતું. હદીસે-કુદસી છે :

«يَا ابْنَ آدَمَ تَفَرَّغْ لِعِبَادَتِـي ، أَمْلأْ صَدْرَكَ غِنًـى ، وَأَسُدَّ فَقْرَكَ ، وَإِنْ لَمْ تَفْعَلْ ، مَلأْتُ صَدْرَكَ شُغْلاً ، وَلَمْ أَسُدَّ فَقْرَكَ» [ابن ماجہ]

અર્થાત્, હે આદમની સંતાન ! તું મારી ઈબાદત માટે સમર્પિત થઈ જાય તો હું તારા હૃદયને બેનિયાઝી (નિઃસ્પૃહતા, તવંગરી)થી ભરી દઈશ, અને તારી ગરીબી અને નિર્ધનતાને દૂર કરી દઈશ. (ઇબ્ને માજા)

નિશ્ચિતપણે, માણસને જે કંઈ મળે છે, તેના પર સંતોષમાં જ શાંતિ અને સુખ છે અને જો માણસ પોતાની ઈચ્છાઓની પૂર્તિ કરવા માગે તો – શાયરના કહેવા અનુસાર :

હઝારોં ખ્વાહિશેં ઐસી કે હર ખ્વાહિશ પર દમ નિકલે,
બહુત નિકલે મેરે અરમાન, લેકિન ફિર ભી કમ નિકલે.

www.uzairfalahi.com